કોંગ્રેસના શાસનમાં તો ગુજરાત અંધકારમય હતું : અમિત શાહ

અમદાવાદ, તા.૩૦ નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સર્વ સ્પર્શીય અને સર્વ સમાવેશક વિકાસથી ભારતીય જનતા પાર્ટીએ જનભાવનાથી જનમત જીત્યો છે. જનભાવનાથી જનમત જીતવાની આ યાત્રા ૧૯૯૦થી ૨૦૧૪ સુધીની તમામ ચૂંટણીઓમાં અવિરત આગળ વધી છે. વર્ષ ૨૦૧૭માં ૧૫૦થી વધુ બેઠકો સાથે ગુજરાત વિધાનસભા ગૃહ વિકાસયાત્રાને વધુ વેગવાન બનાવશે. ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અને ગુજરાત વિધાનસભાના સભ્ય અમીતશાહે આજે વિધાનસભા ગૃહની કાર્યવાહીમાં ભાગ લેતાં જણાવ્યું હતું કે, ગુજરાત વિધાનસભા ગૃહે આ દેશને સર્વ સમાવેશક અને સર્વ સ્પર્શીય વિકાસ મોડેલ આપ્યું છે. ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય કેતનભાઈ ઈનામદારના બિન સરકારી સંકલ્પ પરની ચર્ચામાં ભાગ લેતાં અમીત શાહે જણાવ્યું હતું કે, સમગ્ર દેશ માટે ઉદાહરણરૂપ વિકાસના મોડેલની નિતીઓ, સંકલ્પો અને કાયદાઓ આ મહાન ગૃહમાં રચાયા છે.૧૯૯૫માં ભારતીય જનતા પક્ષનું શાસન આવ્યું તે પહેલાં કોંગ્રેસના શાસનમાં ગુજરાત અંધકારમય હતું. ગુજરાતના અંધારા ઉલેચવાનું કામ દેશના પ્રધાનમંત્રી અને તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે. નરેન્દ્ર મોદીએ આરંભેલી ગુજરાતની વિકાસયાત્રા આનંદીબેન પટેલે પણ ચાલુ રાખી

અને આજે વિજય રૂપાણી સરકાર પણ આગળ ધપાવી રહી છે. ૧૯૯૦ પછી ગુજરાતમાં જેટલી પણ ચૂંટણીઓ યોજાઈ તેમાં ગુજરાતની જનતાએ ભારતીય જનતા પાર્ટીને જ વિજય અપાવ્યો છે. એમ કહીને અમીત શાહે જણાવ્યું હતું કે, કોંગ્રેસના મિત્રો માત્ર મિડિયાના માધ્યમથી જવાબો આપવાનો પ્રયત્ન કરે છે, પરંતુ દેશની જનતાએ ક્યારેય કોંગ્રેસનો જવાબ સાંભળ્યો નથી. ૧૯૯૫માં કોંગ્રેસની છેલ્લી સરકાર વખતે ગુજરાતના અંદાજપત્રનું કદ ૧૦,૨૩૨ કરોડ માત્ર હતું. જ્યારે વર્તમાન સરકારમાં નિતીન પટેલનના અંદાજપત્રનું કદ ૧ કરોડ, ૭૨ લાખથી વધુ છે. અંદાજપત્રનું કદ જ ભારતીય જનતા પાર્ટીની સરકારની વિકાસયાત્રાનો ગ્રાફ દર્શાવે છે, એમ કહીને અમીત શાહે જણાવ્યું હતું કે, કેન્દ્રમાં યુપીએની સરકાર વખતે ૧૩મા નાણાપંચે ગુજરાતને માત્ર ૪૩,૩૪૫ કરોડ જેટલી નજીવી રકમ ફાળવી હતી. ૧૪મા નાણાપંચમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતને ૧ કરોડ, ૨૨ લાખ જેટલી માતબર રકમ ફાળવી છે. નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી હતા ત્યારે ગુજરાતની ચિંતા કરતા હતા અને આજે વડાપ્રધાન તરીકે પણ તેઓ ગુજરાતની સતત ચિંતા કરી રહ્યા છે. ગુજરાતના વિકાસ મોડેલની ચર્ચા આજે આખા દેશમાં થઈ રહી છે, એ કહીને અમીત શાહે જણાવ્યું હતું કે, નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી બન્યા પછી વૈધાનિક આયોજન, લોકકલ્યાણની યોજનાઓ, છેવાડા સુધી પહોંચે તે માટેનો અમલ અને દઢ ઈચ્છાશક્તિથી ગુજરાતનો સર્વાંગી વિકાસ કરીને દેશને સુંદર ઉદાહરણ પુરુ પાડ્યું છે.

જમીન મહેસુલી કાયદામાં સુધારો કરતું ઐતિહાસિક વિધેયક પસાર

ગાંધીનગર, તા.૩૦

રાજયની અંદાજે ૯૫ ટકા જેટલી ખાનગી માલિકીની જમીનો ઉપર અનધિકૃત રીતે વસતા અદાજે ૭ લાખ જેટલા પરિવારોને લાભ થાય તેવો ઐતિહાસિક નિર્ણય લેતુ જમીન મહેસુલ કાયદામાં મહત્વના સુધારો કરતુ વિધેયક આજે વિધાનસભા ગૃહમાં મહેસુલ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ રજુ કરતા આ વિધેયક વિધાનસભા ગૃહમાં પસાર થયું હતું. આ સુધારા વિધેયક અનુસાર દાવેદારનું નામ, રજિસ્ટર ઓફ મ્યુટેશનમાં દાખલ થતા તેને મહેસુલી ટાઈટલ પ્રાપ્ત કરવાનો પ્રથમવાર મોકો પ્રાપ્ત થશે. મહેસુલ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ આ વિધેયકને ઐતિહાસિક લેખાવતા જણાવ્યું હતું કે, દાવેદારને મહેસુલી ટાઈટલ પ્રાપ્ત થાય તે માટે મહેસુલી કાયદામાં ૧૦૪ વર્ષ પછી રાજય સરકારે ઐતિહાસિક સુધારો કર્યો છે. આ ઐતિહાસિક સુધારો કર્યો છે.

આ ઐતિહાસિક સુધારાતી ટ્રાન્જીશનલ વિસ્તાર પરિવર્તનીય વિસ્તાર માટે હકકપત્ર પુરુ પાડવામાં આવશે. આ વિધેયક અંગે મહેસુલમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, આ ઐતિહાસિક સુધારાથી ટ્રાન્ઝિશનલ વિસ્તાર પરિવર્તનીય વિસ્તાર માટે હક્કપત્રક પુરુ પાડવામાં આવશે. કેટલોક વિસ્તાર એવો હોય છે જ્યા સુચિત સોસાયટી વિસ્તાર ન ગ્રામ્ય હોય ન શહેર હોય. ગ્રામ્ય, અર્ધશહેરી અથવા શહેરી વિસ્તારોના મિશ્રણથી બનેલા સુપર્ણપણે નવા અથવા અન્ય રીતે સયોજીત વિસ્તારો જે અસ્તિત્વમાં આવ્યા છે. તેના પરિણામે રાજયના પ્રાચીન ગામો, નગરો અથવા શહેરી વિસ્તારોમાં પરિવર્તન થયું છે.

ગામ, નગર અથવા શહેરી વિસ્તારમાં હદ કરતા વધારે વિસ્તારો વિસ્તૃત થયેલા છે. પરિવર્તનીય પરિણામે વિસ્તારો અસ્તિત્વમાં આવ્યા છે. આ પરિવર્તનીય વિસ્તારો માટે ગુજરાત સરકારે ગુજરાત જમીન મહેસુલ અધિનિયમ, ૧૮૭૯ના કાયદામાં નવુ પ્રકરણ ૯-ક દાખલ કરી ગ્રામ્ય વિસ્તાર, ટ્રાન્ઝિશનલ વિસ્તાર અને શહેરી વિસ્તાર અને શહેરી વિસ્તાર માટે હક્કોની બાબત સુનિશ્ચિત કરી દીધી છે. ચુડાસમાએ જણાવ્યું હતું કે, સુધારેલા કાયદાની કલમ ૧૨૫-ઝની જોગવાઈ અનુસાર ભોગવટો કરનાર દાવેદારે નિયત નમુનામા કપાઉન્ડ ફીની રકમ, સપ્લીમેન્ટરી રેવન્યુ સેટલમેન્ટ ફીની રકમ સાથે અરજી કરવાની રહેશે. અરજી સાથે વસવાટ હેઠળની જમીનનો માપ સાથેનો નકશો રજુ કરવાનો રહેશે.

ભાજપ શાસિત પાલનપુર પાલિકાની બજેટ બેઠક તોફાની બની

વિપક્ષના નેતાને પાલિકા ઉપપ્રમુખે અપશબ્દો બોલ્યા હોવાની રાવ : શાસક પક્ષે બહુમતિના જોરે ૮.૫૦ લાખની પુરાંતવાળું બજેટ કર્યું મંજુર

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાની બજેટ બેઠક તોફાની બની હતી. શાસક પક્ષે બહુમતીના જોરે રૂ.૮.૫૦ લાખની પુરાંતવાળું બજેટ મંજુર કર્યું હતું. હતી. જેમાં સને-૨૦૧૭-૧૮નું રૂ.૮.૫૦ લાખની પુરાંતવાળું બજેટ રજુ કરાયું હતું. આ બજેટ બાદ વિપક્ષના સભ્યોએ નગરની સમસ્યાઓ રજૂ કરી હતી. જોકે, અશોક ઠાકોરે મહિલા સભ્યોની હાજરીમાં અપશબ્દો ઉચ્ચાર્યા હતા. નગરપાલિકામાં મહિલાઓને ૩૩ ટકા અનામત આપ્યા બાદ મહિલાઓની સંખ્યા વધી છે. ઠાકોરના આવા વર્તનથી હેબતાઈ ગયેલા વિપક્ષી સભ્યોએ સભા સ્થળ છોડી જતા પહેલા શાસક પક્ષના વલણને લોકશાહી માટે ઘાતક ગણાવ્યું હતું.

જોકે, બજેટ બેઠકમાં આક્ષેપ-પ્રતિઆક્ષેપોના દોર વચ્ચે સર્જાયેલા ઉગ્ર માહોલમાં પાલિકાના ઉપપ્રમુખએ વિપક્ષના નેતાને અપશબ્દો બોલતા ચકચાર મચી જવા પામી હતી.

આજે પાલનપુર નગરપાલિકા ખાતે પાલિકા પ્રમુખ નિલમબેન જાનીના અધ્યક્ષસ્થાને યોજાઈ વિપક્ષના નેતા અમૃત જોષીની સદરપુર પાસે બની રહેલા આવાસની અને માનસરોવરમાં ઠલવાઈ રહેલા ગટરના ગંદા પાણીની રજુઆત પર શાસક પક્ષ ભાજપના નગરપાલિકા ઉપપ્રમુખ અશોક ઠાકોરે મગજ પરનો કાબુ ગુમાવ્યો હતો. વિપક્ષના આક્ષેપો મુજબ, નગરપાલિકાના ઉપપ્રમુખ અત્યારે પાલનપુર વીસ જેટલી મહિલા કોર્પોરેટર છે. આ મહિલા કોર્પોરેટરોની હાજરીમાં જ નગરપાલિકા ઉપપ્રમુખે બીભત્સ શબ્દોનો પ્રયોગ કરી વિપક્ષના નેતાને અશ્લીલ ગાળો બોલી અપમાનિત કર્યા હોવાની રાવ સાથે વિપક્ષ કૉંગ્રેસી સભ્યોએ હોબાળો મચાવ્યો હતો. ઉપપ્રમુખ અશોક

નગરપાલિકાના ઉપપ્રમુખ અશોક ઠાકોરે પોતાના પર લાગેલા આક્ષેપો ને રદિયો આપતા જણાવ્યું હતું કે, હું એવું કશુ જ બોલ્યો નથી. કોંગ્રેસને વિરોધ કરવાની આદત પડી ગઈ છે. પાલનપુર પાલિકામાં પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓનું વર્તન જોતા મતદારો પોતાના ફેંસલા પર ક્ષોભ અનુભવતા હશે.

રવિવારે ગાંધીનગરમાં પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર ખાતે સવા ત્રણ વર્ષથી નિયમિત રીતે દર મહિનાના પ્રથમ રવિવારે પુસ્તક પરબ યોજવામાં આવે છે. જેનો ગાંધીનગરના સુજ્ઞ વાચકો ભરપુર લાભ લે છે. આ મહિને તા. ૨જી એપ્રિલના રોજ સવારના ૭.૩૦થી ૯.૩૦ સુધી ઘ-૪ના સર્કલ ખાતે ઉદ્યોગ ભવન નજીક પુસ્તક પરબ યોજાશે. માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશનના સહયોગથી યોજાતી આ પુસ્તક પરબનો હેતુ માતૃભાષા ગુજરાતીના ગૌરવનો પ્રસાર કરી અને સારા પુસ્તકોના વાંચનનો પ્રસાર કરવાનો છે. સાથો સાથ પુસ્તકના આદાન પ્રદાનની પ્રવૃત્તિ વિકસે તથા લોકોમાં વાંચનની ટેવ કેળવાય તેવો તેનો શુભ આશય છે. ગુજરાતમાં ૮૦ જેટલા સ્થળોએ આવી પુસ્તક પરબ યોજાય છે. પુસ્તક પરબનો લાભ લેવા માટે કિશોર જીકાદરા, આશા સરવૈયા, પ્રજ્ઞા પટેલ, મુળજીભાઈ પરમાર, અશોકભાઈ ત્રિવેદી, સંજય થોરાત, રણછોડભાઈ પરમાર, ધુર્જટી પ્રજાપતિ, રમેશચંદ્ર શ્રીમાળી તથા દિશાંત ગર્ગ વગેરે સહયોગીઓએ પુસ્તક ભાવકોને અનુરોધ કર્યો છે.

આ પણ વાંચીએ...

● કચ્છના ખેડૂતે શરૂ કર્યુ મિલ્ક એટીએમ

માધાપરના ખેડૂત વેલજીભાઈ ભુડિયાએ ભુમેડી નજીક તેમના ફાર્મની પાસે જ ૨૪ કલાક ચાલતુ મિલ્ક એટીએમ શરૂ કર્યુ છે. લોકોને ૨૪ કલાક ભેળસેળ વિનાનુ દૂધ પ્રાપ્ત થઈ શકે તે હેતુથી સ્થાનિક એન્જીનિયર પાસે આ એટીએમ બનાવડાવ્યુ છે. લોકો ૧૦ રૂ. થી લઈને ૧૦૦ રૂ. સુધીનુ દૂધ મેળવી શકે છે.

● ઉંઘમાં લગાવ્યો ૬૦ ફૂટ ઊંચાઈએથી કૂદકો

ઉંઘમાં ચાલવાની બીમારી અંગે ઘણાએ સાંભળ્યુ હશે. પરંતુ ઉંઘમાં જ ૬૦ ફૂટની ઊંચાઈએથી કૂદકો મારવાની ઘટના પ્રથમવાર સામે આવી છે. ન્યુયોર્કનો એક શખ્સ ટ્રેકિંગ માટે અને ફરવા માટે જંગલમાં ગયો હતો. ટ્રેકિંગનું ગ્રુપ રાત્રીના સમયે ઉંઘવા માટે એક ઉંચા સ્થળે ગયુ હતુ. બધા ઉંઘી ગયા તે પછી મધરાત્રે જાણવા મળ્યુ કે એક યુવક તેની પથારીમાં નથી. તપાસ કરતા તે ૬૦ ફૂટ ઉંડી ખાઈમાંથી મળી આવ્યો હતો. તેને ઘણી બધી ઈજાઓ થઈ હતી. આ યુવકને ઉંઘમાં ચાલવાની બીમારી હોઈ ઉંઘમાં જ તે ૬૦ ફૂટ ઊંચા પથ્થર પરથી કૂદી પડ્યો હતો.



● પાંચ વર્ષના બાળકે મિત્ર માટે વેચ્યા મા ના ઘરેણાં

મિત્રએ મિત્રની હંમેશા મદદ કરવી જોઈએ તેવા મા-બાપ દ્વારા અપાતી શિખામણ તેમના પર જ ભારે પડી. પાંચ વર્ષના એક બાળકનો મિત્ર નજીવી બાબતે લગાવેલી શરત હારી ગયો હતો. શરતના પૈસાની ઉઘરાણી કડક બનતા આ બાળકે પોતાના મિત્રની મદદ કરવા પોતાની મા ના સોનાના કંગન બે હજાર ડોલરમાં વેચી નાખ્યા. આ વાત જાણ્યા પછી બાળકના મમ્મી-પપ્પાની સ્થિતિ કફોડી બની હતી.

પોલીસને થાપ આપી એરંડા ચોર જીપમાંથી ભાગી ગયો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં આવેલ વરસોડા ગામના એક ખેતરમાંથી એરંડાના કોથળાની બબ્બે વાર ચોરીઓ થઈ હતી. માણસા પોલીસે વરસોડા ગામના જ ત્રણ શખ્સોને આ ગુનામાં પકડી પાડયા હતા.

ગઈ કાલે ત્રણેય આરોપીઓના રીમાન્ડ પુરા થતા માણસા પોલીસ ત્રણેયને ગાંધીનગર કોર્ટમાં રજુ કરવા આવી હતી. કોર્ટમાં રજુ કર્યા બાદ ત્રણેય આરોપીઓને જીપમાં બેસાડી પોલીસ માણસા જઈ રહી ત્યારે રસ્તામાં રાંધેજા ફાટક નજીક પોલીસે જીપ ધીમી કરી તેનો લાભ લઈ ત્રણ પૈકી એક ચોર પોલીસને થાપ આપી ભાગ્યો હતો. લલ્લુ દંતાણી નામના આ શખ્સને પકડવા પોલીસે દોડધામ કરી પરંતુ લલ્લુ હાથ લાગ્યો ન હતો ફરાર આરોપીને શોધવા પોલીસે દોડધામ મચાવી છે તો બીજી તરફ બેદરકારી રાખવા બદલ જીવાબદાર પોલીસ કર્મચારી સામે પણ કાર્યવાહી કરવા ગતિવિધિ તેજ થઈ છે.

સે-૨૩ અરવિંદ કેન્દ્ર ખાતે આઈ ચેકઅપ કેમ્પ

ગાંધીનગર, તા.૩૦

તેજ આઈ કેર સેન્ટર, ડૉ. તેજલબેન દલાલ દ્વારા શ્રી અરવિંદ કેન્દ્ર, સે-૨૩ના સૌજન્યથી એક વિના મૂલ્યે મફત આઈ ચેકઅપ કેમ્પનું આયોજન રવિવાર તા. ૨જી એપ્રિલ ૨૦૧૭ના રોજ સવારના ૧૦ કલાકથી ૧૨ કલાક દરમિયાન કરવામાં આવેલ છે જેમાં ડૉ તેજલ દલાલ દ્વારા મફત આઈ-ચેક અપ કરી આપવામાં આવનાર છે.

આ ચેક અપ કેમ્પનો લાભ ઉઠાવવા માટે તમામ નગરજનોને જાણીતા મહિલા અગ્રણી લતાબેન ચોકસી, શ્રી વડનગરા નાગર મંડળ ગાંધીનગરના પ્રમુખ અને સમાજસેવી સુધીર દેસાઈ તરફથી ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

તન દુરસ્તી ● ૪ પાનાનું ચાલુ...

લેબોરેટરીના રીપોર્ટ સાંજે આવ્યા. તારાચંદભાઈએ જાણે શું નીકળશે. હાથી નીકળશે કે શિયાળ નીકળશે એવી તલપાપડ નજરથી અને ધ્રુજતા હાથથી રીપોર્ટ જોયા અને તારાચંદભાઈના રીપોર્ટ તો બધી જ લેબોરેટરીમાં નોર્મલ હતા છતાં પણ દરેકમાં દરેક રીડીંગ વચ્ચે ખાસ્સો એવો ૨૦થી ૨૫ ટકાનો ફેરફાર હતાં. તારાચંદભાઈ પાછા મૂંઝાયા. પાછા તારાચંદભાઈ સી-લેબોરેટરીવાળાને ત્યાં ગયાં. સી - લેબોરેટરીવાળા તારાચંદભાઈને સમજતા હતા. એટલે તારાચંદભાઈની માનસિક્તાને સ્થિર કરવા માટે અને મેડીકલ સાયન્સ ઉપરથી તારાચંદભાઈનો વિશ્વાસ ઉઠી ન જાય માટે સાચું સત્ય તારાચંદભાઈને કહેતા હતા. સી-લેબોરેટરીવાળા પાસે તારાચંદભાઈ ગયા અને એમણે ત્રણે - ત્રણે લેબોરેટરીના રીપોર્ટ બતાવ્યા. ત્રણેયમાં ફેરફાર હતા. તારાચંદભાઈએ કહ્યું કે પહેલા તો તમે કહેલું કે ટ્રાઈગ્લીસરાઈડનો રીપોર્ટ ૪૦૦ મીલીગ્રામ ઉપર હોય તો બધા જ રીપોર્ટ સરખા ન આવી શકે. મતલબ કે દરેક લેબોરેટરીના રીપોર્ટ જુદા જુદા હોઈ શકે. પણ હવે મારો ટ્રાઈગ્લીસરાઈડ ૨૫૦ મીલીગ્રામથી નીચે છે તો પણ ત્રણે - ત્રણ લેબોરેટરીના રીપોર્ટ જુદા જુદા કેમ ? સી-લેબોરેટરીવાળાએ તારાચંદભાઈને બેસાડ્યા અને શાંતિથી સત્ય હકીકત કહેવાની શરૂઆત કરી. તારાચંદભાઈ એક તો ભૂખ્યા પેટે એટલે કે ખાલી પેટે લોહી લેવું જરૂરી છે. ખાલી ભૂખ્યા પેટે નહીં પણ ૧૨ થી ૧૪ કલાકનું ખાલી પેટ હોવું જોઈએ. લોહીનું કલેક્શન બરોબર થવું જોઈએ અને ક્યા મશીન ઉપર, કઈ કીટથી, ક્યા પ્રકારની કેમીકલ કીટથી તમારા લોહીના ટેસ્ટ થાય છે તે જાણવું જરૂરી છે. સામાન્ય રીતે ગયા અંકમાં પણ વાત કરી કે તમે જેટલો ગોળ નાંખો એટલું ગળ્યું થાય. મતલબ કે સારા, મોંઘા મશીન તેમજ જે લેબોરેટરીમાં રોજ કંટ્રોલ થતો હોય અને જરૂર પડે ત્યારે કેલીબ્રેશન પણ કરતાં હોય એવી લેબોરેટરીમાં ટેસ્ટ કરેલો હોવો જોઈએ તો લગભગ તમારા રીપોર્ટ સાચા આવતાં હોય છે. લોહી ટેસ્ટ કરાવતાં પહેલા દર્દીએ કઈ લેબોરેટરીમાં ટેસ્ટ કરાવવો એ ચકાસવું જોઈએ અને એ તમારો અધિકાર છે. તમે કઈ કંપનીનું મશીન વાપરો છો, કેવી કંપનીની રીએજન્ટ વાપરો છો ? તમે રોજ કંટ્રોલ કરો છો ? કંટ્રોલના રેકોર્ડ છે ? હોય તો બતાવો ? અને દર્દીને આ જોવા જોઈએ અને સમજવા જોઈએ. અને જેટલું મોટું મશીન હોય મતલબ કે પૈસામાં જે વધારે હોય એના રીઝલ્ટ સારા જ આવવાના. એટલે તારાચંદભાઈ કઈ લેબોરેટરીમાં ટેસ્ટ કરાવો છો એ પણ એક અગત્યનું કારણ છે. આ સિવાય ઘણી વખતે તમારી પરિસ્થિતિ કેવી છે ? મતલબ કે તમારી શારીરિક પરિસ્થિતિ કેવી છે એના ઉપર પણ રીપોર્ટનો આધાર રહેતો હોય છે. ધારો કે, મનમાં અશાંતિ હોય, તકલીફ વધારે હોય, ઊંઘ ન આવી હોય તો પણ રીપોર્ટ સાચા નથી આવતા. લીપીડ પ્રોફાઈલમાં જો હાર્ટએટેક આવેલો હોય તો પણ ટેસ્ટ કરાવો તો ખોટો આવી શકે છે. પ્રેગ્નેન્સી હોય તો પણ રીપોર્ટ ખોટો આવી શકે છે. વધારે પડતું શરીરમાં વજન ઘટી ગયું હોય તો પણ રીપોર્ટ ખોટો આવી શકે છે. એન્ટીબાયોટીક, સ્ટીરોઈડ જેવી દવાઓ લેતા હોય તો પણ રીપોર્ટ ખોટો આવી શકે છે. તો, ભાઈ અમારે ટેસ્ટ ક્યારે કરાવવો ? સામાન્ય રીતે તમે નોર્મલ હોવ ત્યારે અથવા તો આવી કોઈ પણ કંડીશન હોય તો ચાર અઠવાડીયા પછી આવા ટેસ્ટ કરાવવા જોઈએ અને સામાન્ય રીતે ૫ થી ૧૦ ટકાના વેરીએશનને નોર્મલ ગણાતું હોય છે. શિયાળામાં ૮ થી ૧૦ ટકા લીપીડ પ્રોફાઈલ ઉનાળા કરતાં વધારે આવતું હોય છે. મતલબ કે આવી બધી શારીરિક, માનસિક અવસ્થા ઉપર લીપીડ પ્રોફાઈલ રીપોર્ટના રીઝલ્ટ આવતા હોય છે. છતાં પણ તારાચંદભાઈ સારી લેબોરેટરીમાં ટેસ્ટ કરાવો તો જ સાચા રીપોર્ટ મળે. પણ સારી લેબોરેટરીની ખબર કેવી રીતે પડે ? જેમ ઉપર કહ્યું તેમ લેબોરેટરીમાં મશીન કયા છે, રીએજન્ટ કયા છે અને કંટ્રોલ રોજ થાય છે કે નહીં ? કેલીબ્રેશન જરૂર પડે ત્યારે કરવામાં આવે છે કે નહીં ? એની ઉપર જ લેબોરેટરીનો આધાર રહેલો છે અને સામાન્ય રીતે આઈએસઓ અથવા એનએડીએલ નામના સર્ટીફિકેટથી જો લેબોરેટરી સન્માનિત હોય તો એ લેબોરેટરી સામાન્ય રીતે સારી જ હોય.

- sgpathlab@gmail.com

શાહ-બાપુની મુલાકાત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

'ચા'નો વિવેક બાપુએ કર્યો ત્યારે મુખ્યમંત્રી રૂપાણીએ ના પાડી હતી ત્યારે બાપુએ મજાકમાં કહ્યુ હતુ કે વિપક્ષની ચા તો પીવો..!

આ નેતાઓની મુલાકાતમાં માત્ર ઔપચારિક વાતચીતો અને તબિયતની પૃચ્છાઓ થઈ હતી. જો કે વાતચીતનો સિલસિલો પુરો થવામાં હતો એની થોડીક ક્ષણો અમીત શાહ અને શંકરસિંહ વાઘેલા બંધ બારણે મળ્યા હોવાની વાતો પણ રાજકીય વર્તુળોમાં ચર્ચાતી સાંભળવા મળી હતી.

રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહ સવારે વિધાનસભા ગૃહ ખાતે આવ્યા ત્યારે અમદાવાદ, ગાંધીનગર, સાબરકાંઠા સહિતના જિલ્લા આગેવાનોએ માનવસાંકળ રચી તેમનુ અભિવાદન કર્યું હતું. ''અમીતભાઈ અમારા જયશ્રી રામ જયશ્રી રામ'' ''અમીતભાઈ તુમ આગે બઢો'' ''હમે ગર્વ હૈ તુમ હમારે પ્રતિનિધિ હો'' જેવા બેનરો અને સૂત્રોચ્ચાર સાથે વાતાવરણને ગજવી દીધુ હતુ.

તેમની ગાડી વિધાનસભા પોર્સમાં દાખલ થતાં જ દંડક પંકજ દેસાઈ, મંત્રી આત્મારામભાઈ પરમાર, રાજ્ય ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા સહિતના સૌ આગેવાનોએ પુષ્પ ગુચ્છથી સ્વાગત કર્યુ હતુ તો કાર્યકરોએ ગુલાબની પાંખડીઓની વર્ષા કરી દીધી હતી. શાહ સાથે તેમના પત્ની તેમજ પુત્ર જય પણ આવ્યા હતા. જો કે આ બન્ને થોડા સમય પછીથી ઉપર હાઉસમાં ગયા હતા. વાઘેલા અને શાહની મુલાકાતે પાટનગરમાં રાજકીય ગરમાવો લાવી દીધો છે એ વાત નક્કી છે.

સ્માર્ટસીટીની દરખાસ્ત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દરખાસ્ત ઉપરાંત ગાંધીનગર શહેરને સોલાર સીટી બનાવવા માટે કેનોવી સોલાર-ફૂટપાથ અને સાયકલટ્રેક કવરીંગનો પણ પ્રોજેક્ટ આ દરખાસ્તમાં સમાવવામાં આવ્યો છે.

મનપા દ્વારા ત્રીજા તબક્કામાં પણ સ્માર્ટસીટી તરીકે ડેવલપ કરવા માટેની દરખાસ્ત રજુ કરી છે. જો કે તંત્રને લેન્ડફિલ્ડ સાઈટનો અભાવ, પૂરતુ મહેકમ તેમજ સ્વચ્છતાના મુદ્દાઓ અડચણરૂપ બે તબક્કામાં સાબિત થયા છે. આ વેળાએ સ્માર્ટસીટીમાં ગાંધીનગરનો સમાવેશ થશે તેવો વિશ્વાસ મનપાના સૂત્રો વ્યક્ત કરી રહ્યા છે.

આ વેળાએ મનપાને પબ્લીકમાંથી ઓનલાઈન અને ઓફલાઈન સૂચનો મેળવવામાં થયેલા વિલંબને પગલે દરખાસ્તને આખરી ઓપ આપવામાં વિલંબ થયો છે. શહેરી વિકાસ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ત્રીજા તબક્કામાં ગુજરાતના ત્રણથી ચાર શહેરોનો સમાવેશ થવાની શક્યતાઓ છે.

દબાણો દૂર કરવા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અડીંગો જોવા મળી રહયો છે. રહેણાંક વિસ્તારમાં પણ ફેન્સીંગ સહીત બિન અધિકૃત રીતે બિન્દાસ્તપણે પાકા દબાણો ઉભા કરી દેવાયા છે. સે-૨૪ માં દાયકાઓ જુની દબાણની સમસ્યા હવે વધુ જટીલ બની છે. સેકટરમાં દબાણોની સંખ્યા વધતા અવરજવર કરવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. સે-૨૪ આદર્શનગર પીળા પટ્ટામાં બિનઅધિકૃત બાંધકામથી રહીશો પરેશાન થઈ ગયા છે. દબાણકર્તાઓએ પ્લોટ જેટલી અન્ય જગ્યામાં બિન્દાસ્તરીતે પાકા દબાણો ઉભા કરી દીધા છે. આ મામલે સ્થાનિક રહીશોએ ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનને લેખિત રજુઆત પણ કરી છે. સેકટરમાં છેલ્લા એક દાયકાથી અસ્તિત્વમાં આવેલા દબાણો દુર કરવા માટે યોગ્ય પગલા લેવાય તે માટે સ્થાનિક રહીશો દ્વારા રજુઆત કરવામાં આવી છે.

ટ્રેન ખડી પડી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉત્તરપ્રદેશના મહોબા જિલ્લામાં મોડી રાત્રે મહાકૌશલ એક્સપ્રેસના આઠ ડબા પાટા પરથી ખડી પડ્યા હતા. આ બનાવમાં બાવન લોકો ઘાયલ થયા હતા. ઈજાગ્રસ્ત તમામ લોકોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડી દેવામાં આવ્યા હતા. મહોબાના એસપી ગૌરવ સિંહે માહિતી આપતા કહ્યુ હતુ કે મહોબા જિલ્લાના કુલપહાડ સ્થિત સુપા ગામ નજીક આ બનાવ બન્યો હતો. ઉત્તરપ્રદેશ સરકારે આ બનાવમાં ગંભીર રીતે ઘાયલ થયેલા યાત્રીઓને ૫૦-૫૦ હજાર રૂપિયા આપવાની જાહેરાત કરી છે. જ્યારે ગંભીર રીતે ઘાયલ થયેલાઓને ૨૫-૨૫ હજાર રૂપિયા આપવાની જાહેરાત કરી છે. મહોબામાં મહાકૌશલ એક્સપ્રેસ ટ્રેન દુર્ઘટનાગ્રસ્ત થયા બાદ મધ્ય રેલવેથી પસાર થનાર ડાઉન અને અપ ટ્રેનોના રૂટમાં ફેરફાર કરવામાં આવ્યા છે. તેમણે કહ્યુ હતુ કે ઓછામાં ઓછા છ ડબ્બા પાટાથી ખડી પડ્યા હતા. સુપા ગામ નજીક બનાવ બન્યા બાદ તરત જ પોલીસ ટીમ અને બચાવ ટીમ પહોંચી હતી.તેમણે કહ્યુ હતુ કે ગંભીરરીતે ઘાયલ થઈ ગયેલા ૧૦ લોકોને મહોબાની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

સંસદમાં મંજુર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બજેટ દરખાસ્તોનો બચાવ કરતા તેમણે કહ્યું હતું કે સુધારાને સ્વીકાર કરવા માટેની બાબત સરકાર માટે શક્ય નથી કારણ કે રાજકીય પક્ષોને દાન આપનારાઓની સંખ્યા મર્યાદિત રહેશે. કડવી વાસ્તવિકતા એ છે કે અમે બિનજાહેર નાણાના આધાર ઉપર જ રાજનીતિ રમી રહ્યા છીએ પરંતુ આમાં પારદર્શકતા લાવવાની જરૂર છે. આજે અમે ચેક દ્વારા ડોનેશન લેવાના વિકલ્પ આપી રહ્યા છે. સંપૂર્ણ પારદર્શકતા અને સ્વચ્છતા આના લીધે આવશે. રોકડ દ્વારા નાનાકડી દાનની રકમ પણ સ્વીકારવામાં આવશે. ૨૦૦૦થી ઓછી રોકડમાં દાનની રકમ માટે પણ કેટલાક નિયમો રહેશે. ડોનેશન ઓનલાઈન પણ મેળવી શકાય છે. બોન્ડમાં પણ મેળવી શકાય છે પરંતુ રકમ સ્વચ્છ હોવી જોઈએ.

સફળ વડાપ્રધાન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમને જાદુ ઉપર દેખાઈ રહ્યો છે. ભારતની સ્વતંત્રતાને ૭૦ વર્ષની ઉજવણી કરવા માટે બુધવારે શરૂ થયેલા ત્રણ દિવસીય કાર્યક્રમમાં બોલતા ગુહાએ કહ્યું હતું કે વડાપ્રધાનની પકડ અને અખિલ ભારતીય દ્રષ્ટીકોણ તેમને નવા વર્ગમાં મુકી દે છે. જેમાં નહેરૂ અને તેમની પુત્રી ઈન્દિરા ગાધી હતા. અમે એવા સમયમાં જીવી રહ્યા છીએ જ્યારે મોદી ભારતીય ઈતિહાસમાં ત્રીજા સૌથી સફળ વડાપ્રધાન બનવા તરફ જઈ રહ્યા છે. ગુહાએ કહ્યું હતું કે નહેરૂ અને ઈન્દિરા બાદ એકમાત્ર વડાપ્રધાન છે જેમની પાસે સમગ્ર દેશ માટે દ્રષ્ટીકોણ છે.

કોર્ટનો ઈન્કાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છઠ્ઠી એપ્રિલના દિવસે અંગત ઉપસ્થિતિમાંથી આમ આદમી પાર્ટીના નેતાઓને મુક્તિ આપી હતી. આ મામલામાં ટ્રાયલ કોર્ટ સમક્ષ ઉપસ્થિત થવા માટે કોર્ટે મુક્તિ આપી હતી. ટ્રાયલ કોર્ટમાં કાર્યવાહી યથાવત રીતે આગળ વધશે. કોર્ટે કહ્યું છે કે કેજરીવાલ અને મનિષ સિસોદીયા છઠ્ઠી એપ્રિલના દિવસે ટ્રાયલ કોર્ટ સમક્ષ ઉપસ્થિત રહેવાથી મુક્ત છે. કોર્ટે એમ પણ કહ્યું છે કે આ બંને તેમના વકીલ મારફતે ટ્રાયલ કોર્ટ સમક્ષ અરજી અને રજુઆત કરી શકે છે. કાયદા મુજબની કાર્યવાહી ટ્રાયલ કોર્ટમાં હાથ ધરવામાં આવશે. એએપીના બે નેતાઓ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી દરમિયાન આ આદેશ કરવામાં આવ્યો હતો.